સને.૨૦૧૪-૧૫ના વર્ષમાં NP-NSPE હેઠળ મધ્યાહન ભોજન યોજનાના રસોડાના વાસણો ખરીદવા માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:મભય-૨૦૦૬-જીઓઆઇ-૧૨૯-૨
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫ /૦૧/૨૦૧૫

વંચાણે લીધા:

(૧)ભારત સરકારના માનવ સશાધન વિકાસ વિભાગના તા.૨૭/૧૦/૧૪ના પત્ર ક્રમાંક: એફ નં.૧૭-૧૯/ ૨૦૦૮ -એમડીએમ-૧-૧(ઇઇ-૫)

(૨) કમિશ્નરશ્રી મ.ભો.યો. ના તા.૧૩/૧૧/૨૦૧૪ ના પત્ર ક્રમાંક: મભય/અમલ/રસોડાના વાસણ/૧૪-૧૫/ ૧૧૦૪૧

ઠરાવ-

રાજ્યમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના ૬૭૦૭ કેન્દ્રો ખાતે રસોઇ બનાવવાના ઉપયોગમાં લેવાતા જુના વાસણોની જગ્યાએ નવા વાસણોની ખરીદી માટે કેન્દ્ર દીઠ રુ.૫૦૦૦/-લેખે બીન આદિજાતિ વિસ્તારના ૪૯૯૩ મ.ભો.યો.ના કેન્દ્રો માટે રુ.૨૪૯.૬૪ લાખ, આદિજાતિ વિસ્તારના ૧૨૦૫ મ.ભો.યો..ના કેન્દ્રો માટે રુ.૬૦.૨૬ લાખ અને ખાસ અંગભૂત યોજનાના ૫૦૯ મ.ભો.યો..ના કેન્દ્રો માટે રુ.૨૫.૪૫ લાખ મળીને કુલ કેન્દ્રીય સહાય રુ.૩૩૫.૩૫ લાખની રકમ સંદર્ભ-૧ના પત્રથી મંજુર કરવામાં આવેલ છે. કમિશ્નરશ્રી મ.ભો.યો. ના સંદર્ભ-૨ના પત્રથી રાજ્યના ૬૭૦૭ મધ્યાહન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવાના ઉપયોગમાં લેવાતા જુના વાસણોની જગ્યાએ નવા વાસણોની ખરીદી માટે કેન્દ્ર દીઠ રુ.૫૦૦૦/-લેખે શાળા સંચાલન સમિતિ દ્વારા ખરીદી કરવાની મંજુરી આપવા માટે મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાના અંતે રાજ્યના ૬૭૦૭ મધ્યાહન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવાના ઉપયોગમાં લેવાતા જુના વાસણોની જગ્યાએ નવા વાસણોની ખરીદી માટે કેન્દ્ર દીઠ રુ.૫૦૦૦/-લેખે બીનઆદિજાતિ વિસ્તારના ૪૯૯૩ મ.ભો.યો.ના કેન્દ્રો માટે રુ.૨૪૯.૬૪ લાખ, આદિજાતિ વિસ્તારના ૧૨૦૫ મ.ભો.યો..ના કેન્દ્રો માટે રુ.૬૦.૨૬ લાખ અને ખાસ અંગભૂત યોજનાના ૫૦૯ મ.ભો.યો..ના કેન્દ્રો માટે રુ.૨૫.૪૫ લાખ મળીને કુલ કેન્દ્રીય સહાય રુ.૩૩૫.૩૫ લાખની રકમની આથી નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

(૧) કમિશ્નરશ્રી મ.ભો.યો.દ્વારા જનરલમાં ૪૯૯૩ મ.ભો.યો.ના કેન્દ્રો માટે, એસસીપીમાં ૫૦૯ મ.ભો.યો..ના કેન્દ્રો માટે અને ટીએએસપીમાં ૧૨૦૫ મ.ભો.યો..ના કેન્દ્રો માટે જરૂરીયાત હોય તેવા ૬૭૦૭ મધ્યાહન યોજનાના કેન્દ્રો ખાતે રુ.૫૦૦૦/-ની મર્યાદામાં ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે.

(૨) સબંધિત જિલ્લાઓના નાયબ કલેક્ટરશ્રી (મ.ભો.યો.) દ્વારા એસ.એમ.સી.દ્વારા ચાલુ નાણાકિય વર્ષમાં ખરીદી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અને જે કેન્દ્રોમાં ખરીદી થયેલ હોય તે કેન્દ્રોની વિગતો કમિશ્નરશ્રી મ.ભો.યો.ને મોકલી આપવાની રહેશે.

(૩) આ યોજનાની અમલવારી વ્યવસ્થિત રીતે થાય તેની તકેદારી કમિશ્નરશ્રી મ.ભો.યો.એ રાખવાની રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ બિન આદિજાતિ વિસ્તાર માટે માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)- સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન CSS) હેઠળ ઉધારવાનું રહેશે.

ખાસ અંગભૂત યોજના માટેનો ખર્ચ માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨- મધ્યાહન ભોજન યોજના વિગતવાર-સદર(૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન CSS) હેઠળ ઉધારવાનું રહેશે.

આદિજાતિ વિસ્તાર પેટાયોજના માટેનો ખર્ચ માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર(૦૩)-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન CSS) હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૯ /૧૨ /૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.પી.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે.શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ (વિભાગની વેબ સાઇટ પર મુકવા સારૂ.)
-- ના. સે. અ. સિલેકટ ફાઇલ/શાખા સિલેકટ ફાઇલ ,